(10)

ઘણો જરૂરી

અંગતધ્યાન

પરીપત્ર

જાનં/જિનાની/ઓનલાઈન/NSP/૨૦-૨૧/ 1781
જિલ્લા નાયબ નિયામક(વિ.જા) કચેરી,
નર્મદાભવન, સી-બ્લોક, બીજો માળ,
વડોદરા ફોન નં:-૦૨૬૫-૨૪૨૬૬૨૨
ઈ-મેઈલ:-dydir-ddcw-vad@gujarat.gov.in
તા. ૧૯-૧૧-૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ શાળાઓ/કોલેજો/સંસ્થાઓ,

વડોદરા.

વિષય:- વર્ષ ૨૦૨૦-૨૧માં ભારત સરકારની લઘુમતી જાતિની શિષ્યવૃત્તિ માટે National Scholarship Portal (2.0) માં શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા લેવાની કાળજી બાબત.

આથી સર્વે શાળા/કોલેજ/સંસ્થાઓના Institute Nodal Officer ને જણાવવાનું કે, NSP 2.0 પોર્ટલ ઉપર Institute Login Credentials (યુઝર આઈ.ડી. અને પાસવર્ડ) રજીસ્ટર્ડ થયેલ છે. તેનો અન્ય કોઈ ઈસમો દ્વારા ઉપયોગ કરી કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિ આચરવામાં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી જેતે શાળા/કોલેજ/સંસ્થાઓની રહેશે. માટે ખાસ ધ્યાન દોરી જણાવવાનું કે, સંસ્થાના યુઝર આઈ.ડી. તથા પાસવર્ડનો દુર ઉપયોગ કરી ત્રાહિત વ્યક્તિ દ્વારા કોઈ ગેરરીતી ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

ગતવર્ષે અત્રેની વડી કચેરીના ધ્યાન પર અસંખ્ય Fraud અરજીઓ ધ્યાને આવેલ અને જેતે સ્ટેટ લેવલે લોગીનમાંથી Defeat/ Reject કરવામાં આવેલ વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન પણ આપના સંસ્થાના લેટરપેડ, સિક્કાનો, DISE કે AISHE કોડનો દુર ઉપયોગ કરી ખોટું KYC કરાવેલ હોય તેમજ શાળામાં અભ્યાસ ન કરતા શંકાસ્પદ વિદ્યાર્થીઓ/ બેંક એકાઉન્ટની વિગતો અપલોડ કરેલ હોવાનુ પણ આપના ધ્યાન ઉપર આવે તો તાત્કાલિક અત્રેની કચેરીના ધ્યાને લાવવાનુ રહેશે.

Online Institute Levelએ Verification કરતા જે વિદ્યાર્થીઓના નામો શંકાસ્પદ જણાય તેમજ Bank Account ગુજરાત રાજ્ય સિવાયના જોવા મળે તો તેની ઝીણવટ ભરી તપાસ કરી ખોટા અને શંકાસ્પદ લાગતા વિદ્યાર્થીઓ સરકારી યોજનાનો ખોટો લાભ ન લઈ જાય અને સાચા વિદ્યાર્થીઓને અન્યાય ન થાય અને શિષ્યવૃત્તિ વંચિત ન રહે તે બાબતે ખાસ તકેદારી રાખવા જણાવવામાં આવે છે. શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓ દ્વારા જમા કરાવેલ ડોક્યુમેન્ટ, અપલોડ કરેલ ડોક્યુમેન્ટ તેમજ શાળાના રેકર્ડની ચકાસણી કર્યા બાદ જ હાયરઓથોરીટીને અરજી ફોરવર્ડ કરવાની રહેશે. ચાલુ વર્ષે અત્રેની કચેરી દ્વારા આપની શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા ફોરવર્ડ કરેલ અરજીઓનૂ વેરીફીકેશ કરવા પણ રૂબરૂ સ્થળ મુલાકાત લેવામાં આવશે. જેથી આપનો રેકર્ડ પણ સુવ્યવસ્થિત જાળવી રાખવા ખાસ વિનંતી છે.

Joshi
જિલ્લા નાયબ નિયામક
(વિ.જા.) વડોદરા

ક્રમાંક/[illegible]/જા.નં./૮૦૩૦૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વડોદરા. તા.૨૦/૧૧/૨૦૨૦

E:\desk top files2015\Offices\N.G.SHAH\NSP 2.0\પરીપત્ર ૨૦૨૦-૨૧.docx

જિ. શિ. અ. કચેરી, વડોદરા
પત્રની નોંધણી નંબર ૯૦૫૦
તારીખ ૨૦/૧૧/૨૦૨૦
સહી
કચેરીની સહી...............

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

નકલ સવિનય રવાના:-

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર.

નકલ રવાના:-

૧. શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, વડોદરા જરૂરી કાર્યવાહી સારૂ.

૨. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, વડોદરા,સાવલી,પાદરા, વાઘોડિયા, ડભોઇ, શિનોર, કરજણ, ડેસર, જિ.વડોદરા. જરૂરી કાર્યવાહી થવા સારૂ.

૩. રજીસ્ટ્રારશ્રી,ગુજરાત ટેકનો.યુનિવર્સિટી અમદાવાદ સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.

૪. રજીસ્ટ્રારશ્રી,આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.

૫. રજીસ્ટ્રારશ્રી,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.

૬. રજીસ્ટ્રારશ્રી,ગુરૂ ગોવિંદસિંહ યુનિર્સિટી,ગોધરા સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.

૭. રજીસ્ટ્રારશ્રી, નવરચના યુનિવર્સિટી, વડોદરા સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.

૮. રજીસ્ટ્રારશ્રી, સુમનદીપ યુનિવર્સિટી,વડોદરા સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.

૯. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી. જિ.વડોદરા તરફ જાણ તથા તમામ ધો.-૧૧-૧૨ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.

E:\desk top files2015\Offices\N.G.SHAH\NSP 2.0\પરીપત્ર ૨૦૨૦-૨૧.docx

Scanned by CamScanner